Seat No. : _______________

# AP-113

**April-2022**

**B.A., Sem.-IV**

**CC-212 : Gujarati**

**(ગ્રંથકારનો અભ્યાસ – ઉમાશંકર જોશી)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

વિભાગ – I

નીચે આપેલા આઠ પ્રશ્નમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નના જવાબ લખો : **14 × 3 = 42**

1. શ્રી ઉમાશંકર જોશીના જીવન વિશે વિગતે ચર્ચા કરો. **14**

2. શ્રી ઉમાશંકર જોશીના સમગ્ર સાહિત્ય સર્જનનો પરિચય કરાવો. **14**

3. 'ગોષ્ઠી' નિબંધ સંગ્રહમાંથી તમારા અભ્યાસક્રમમાં નિયત થયેલ નિબંધોને આધારે ઉમાશંકર જોશીનું નિબંધકાર તરીકે મૂલ્યાંકન કરો. **14**

4. નોંધ લખો : **14**

   (1) 'મિત્રતાની કલા' નિબંધનો કેન્દ્રવર્તી વિચાર

   (2) 'ગોષ્ઠી' શીર્ષકનો ધ્વનિ અને તેનું ઔચિત્ય

5. નોંધ લખો : **14**

   (1) 'પડોશીઓ' નિબંધમાં લેખકે કરેલ કટાક્ષ

   (2) 'ગોષ્ઠી' ના નિયત થયેલ નિબંધોમાંથી પ્રગટતું ચિંતન

6. 'ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહને આધારે ઉમાશંકર જોશીની વાર્તાકાર તરીકેની સિદ્ધિ-મર્યાદાઓનું મૂલ્યાંકન કરો. **14**

7. 'પગલીનો પાડનાર' અથવા 'શ્રાવણી મેળો' વાર્તાનું સમગ્રલક્ષી રસદર્શન કરાવો. **14**

8. નોંધ લખો : **14**

   (1) 'મારી ચંપાનો વર' વાર્તામાં પ્રગટતું સમાજજીવન

   (2) 'ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ' નાં સ્ત્રી પાત્રો

## વિભાગ – II

### (આ વિભાગ ફરજિયાત છે.)

9. યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચા જવાબ લખો : (ગમે તે આઠ) **8**

(1) ઉમાશંકર જોશીનો જન્મ કઇ સાલમાં થયો હતો ?

(a) ઈ.સ. 1920 (b) ઈ.સ. 1911

(c) ઈ.સ. 1915 (d) ઈ.સ. 1914

(2) ઉમાશંકર જોશીએ કયા કાવ્યથી કાવ્ય યાત્રાનો આરંભ કર્યો હતો ?

(a) 'નિશીથ' (b) 'ગંગોત્રી'

(c) 'વિશ્વશાંતિ' (d) 'વસંતવર્ષા'

(3) વાર્તાકાર ઉમાશંકર જોશીએ કયા ઉપનામથી વાર્તાઓ લખી છે ?

(a) સુંદરમ્ (b) દ્વિરેફ

(c) ઘનશ્યામ (d) વાસુકિ

(4) ઉમાશંકર જોશીને કયા કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ?

(a) 'ગંગોત્રી' (b) 'વિશ્વશાંતિ'

(c) 'નિશીથ' (d) 'સપ્તપદી'

(5) ઉમાશંકર જોશીની નવલકથાનું નામ જણાવો.

(a) 'પારકા જણ્યાં' (b) 'શ્રાવણી મેળો'

(c) 'મારી પરણેતર' (d) 'મળેલા જીવ'

(6) 'ગોષ્ઠી' નિબંધ સંગ્રહમાં અભ્યાસક્રમમાં નિયત કરેલ કેટલાં નિબંધો છે ?

(a) 20 (b) 18

(c) 24 (d) 21

(7) 'મિત્રતાની કલા' નિબંધમાં કવિવર ન્હાનાલાલે કવિતામાં પત્ની માટે કયું સંબોધન કર્યું છે ?

(a) ગાંડી (b) દુશ્મન

(c) સખી (d) વ્હાલી

(8) પરીક્ષા પદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક કેવો થઈ ગયો છે ? (ઉમાશંકર જોશીના મતે)

(a) ચરિતાર્થ (b) જીવંત

(c) રહસ્ય (d) શિથિલ

(9) 'ગોષ્ઠી' નિબંધ સંગ્રહની પ્રથમ આવૃત્તિ કઈ સાલમાં પ્રગટ થઈ ?

(a) ઈ.સ. 1951 (b) ઈ.સ. 1955

(c) ઈ.સ. 1950 (d) ઈ.સ. 1958

(10) નીચેનામાંથી કયો નિબંધ હાસ્ય નિબંધ છે ?

(a) 'પરીક્ષા' (b) 'ધ મંગલાષ્ટક લિમિટેડ'

(c) 'આનંદનો વારસો' (d) 'શ્રી નિકેતન'

(11) 'પિપાસુ' વાર્તાના નાયકનું નામ જણાવો.

(a) શાંતારામ (b) પૂનમલાલ

(c) સુમંત (d) શિવજીભાઇ

(12) ચંપાના લગ્ન માટે પસંદ કરેલ બીજવર પહેલા કોનો પતિ હતો ?

(a) પાર્વતી (b) લક્ષ્મી

(c) સવિતા (d) ગૌરી

(13) 'બે બહેનો' વાર્તામાં મોટી બહેનનું નામ જણાવો.

(a) સીતા (b) સૂર્યા

(c) લલિતા (d) વર્ષા

(14) 'ડોસાએ ખોળિયું બદલ્યું' આ વાક્ય કોણ કહે છે ?

(a) જનસમૂહ (b) કિસન

(c) જઇતી (d) અંબી

(15) 'ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહમાં કેટલી વાર્તાઓ છે ?

(a) 15 (b) 20

(c) 14 (d) 18

(16) 'ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓ' પુસ્તકની છેલ્લી વાર્તાનું નામ જણાવો.

(a) 'શ્રાવણી મેળો' (b) 'કલંકિની'

(c) 'હીલ્લી' (d) 'મુકુલનાં બહેન'